## વિશ્વ પૃથ્વી દિવસ વિશેષ:

# ગાંધીનગર જિલ્લામાં આવેલ ગ્રીન સ્કૂલનો નજારો

**ગાંધીનગર જિલ્લામાંથી કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગર તાલુકાની શાળાઓ ગ્રીન શાળાઓ બને તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી. એન. પ્રજાપતિ સક્રિયપણે કામ કરી રહ્યા છે.**

ગાંધીનગર, તા. ૨૦

માનવીની હયાતી નહોતી એ પહેલાંથી વિદ્યમાન અને બ્રહ્માંડમાં એક માત્ર જીવસૃષ્ટિ ધરાવનાર આપણી પૃથ્વીએ એની કોખમાં કરોડો જીવો અને વન્યસૃષ્ટિને ઉછરવા દીધા છે. પૃથ્વીની સુંદરતા, જૈવ વિવિધતા અને હરિયાળી હજારો પરિવર્તનો બાદ પણ ટકી રહ્યા છે. પણ છેલ્લા કેટલાક દશકોમાં આધુનિકતાની દોટમાં માનવીએ પૃથ્વીનું ઘણું હનન કર્યું છે. ઘટતા જતાં કુદરતી સ્ત્રોતો અને વધતાં જતાં ગ્લોબલ વોર્મિંગને લીધે માનવીને એની કરણીનું ફળ મળી રહ્યું છે. વર્ષ ૧૯૭૦થી પૃથ્વીના સંરક્ષણ માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી શરૂ કરાઈ હતી. સમયની સાથે વિકાસની દોડમાં પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યેની આપણી જવાબદારી ન ભૂલીએ તે માટે આ દિવસની ભૂમિકા મહત્વપૂર્ણ થઈ જાય છે. કુદરતના બદલાવ અને પૃથ્વીના બગડી રહેલા સંતુલનને વૈશ્વિક સ્તરે ઘણા સંગઠનો, વ્યક્તિઓ અને સરકારોએ આ માટે આગળ આવીને લોકજાગૃતિ આણી છે. કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલયની નિગરાની હેઠળ ચાલતી સંસ્થા સેન્ટર ફોર સાયન્સ એંડ એન્વાયર્ન્મેન્ટ પૃથ્વીના સંરક્ષણ માટે સક્રિયપણે કામ કરી રહી છે.

સેન્ટર ફોર સાયન્સ એંડ એન્વાયર્ન્મેન્ટ દ્વારા શાળા કક્ષાએથી જ બાળકો પર્યાવરણ પ્રત્યે સજાગ થાય તે માટે ગ્રીન સ્કૂલ પ્રોગ્રામ લાવવામાં આવ્યો છે. સેન્ટર ફોર સાયન્સ એંડ એન્વાયર્ન્મેન્ટનો ગ્રીન સ્કૂલ પ્રોગ્રામ એ પાઠ્યપુસ્તકો અને સિદ્ધાંતોથી એક કદમ આગળ આવીને પર્યાવરણ માટે વિદ્યાર્થીઓને ખુદ કંઈક કરવા માટે પ્રેરવાનો કાર્યક્રમ છે. આ એક પર્યાવરણીય શિક્ષણ કાર્યક્રમ છે જે વિદ્યાર્થીઓને પર્યાવરણ માટેની પ્રેરક પ્રવૃતિઓ દ્વારા પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનાવે છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ જ શાળાના કેમ્પસમાં કુદરતી સંસાધનોના વપરાશનું ઓડિટ પણ કરે છે અને સંસાધનોનો બગાડ અટકાવવા માટે વ્યવહારિક ઉકેલો ગોઠવીને શાળાના સારા પર્યાવરણ માટે વ્યવસ્થા કરે છે. ગ્રીન સ્કૂલ પ્રોગ્રામ બાળકોને પ્રકૃતિના સંસાધનોના



જવાબદાર અને કુશળ વપરાશકાર બનતાં શીખવે છે.

સેન્ટર ફોર સાયન્સ એંડ એન્વાયર્ન્મેન્ટ દ્વારા દર વર્ષે ઓડિટ કરાવીને દેશભરની શાળાઓમાંથી માહિતી મંગાવવામાં આવે છે અને એમના શાળા પરિસરના પર્યાવરણ મૈત્રીપૂર્ણ વ્યવહારને આધારે ગ્રીન સ્કૂલનો પુરસ્કાર આપવામાં આવે છે. જેમાં જળ વ્યવસ્થાપન, ઉર્જા કાર્યક્ષમતા, ઘન કચરો વ્યવસ્થાપન, વાયુ પ્રદૂષણ નિયંત્રણ, જમીન અને જૈવવિવિધતા વ્યવસ્થાપન અને ખાદ્ય પ્રણાલીઓને આધારે પુરસ્કાર અપાય છે. ઝજીઈના વરિષ્ઠ નિયામક સુપર્ણો બેનર્જી જણાવે છે કે ગ્રીન સ્કૂલ પ્રોગ્રામ શાળાઓને દર વર્ષે તેમની પ્રગતિ માપવા અને રેર્કિંગ સુધારવાની તક પૂરી પાડે છે.

ગ્રીન સ્કૂલમાં વિન્ડો ફ્લોર રેશિયો ૧૫ ટકાથી વધુ હોય છે. આ પ્રકારની શાળાઓ સાથે સંબધિત લોકો પરિવહન માટે પ્રદૂષણ રહિત વાહન જેવા કે સાયકલ વગેરેનો ઉપયોગ વધુ કરે છે આ ઉપરાંત ચાલીને આવતા લોકોની સંખ્યા પણ મહત્તમ હોય છે. ગ્રીન શાળામાં બાળકોને પરંપરાગત ઉર્જાસ્ત્રોતનો ઓછો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ ઉપરાંત દેશી વૃક્ષો અને છોડવા વાવીને વધુમાં વધુ જૈવવિવિધતાવાળું હરિયાળું પરિસર બને તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. સ્વચ્છતા માટે પૂરતું ધ્યાન રાખવામાં આવે છે અને શાળાના કચરાને અલગ અલગ તારવીને મોટાભાગના કચરાને રિસાયકલ કરવામાં આવે છે તેમજ ભીના કચરાનું ખાતર બનાવવામાં આવે છે. શાળામાં વરસાદી પાણીના જળ સંચયન માટે વ્યવસ્થા કરવામાં આવે છે તેમજ બાળકોને પાણીના ખપ પૂરતા ઉપયોગ માટે સમજાવવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાંથી કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગર તાલુકાની શાળાઓ ગ્રીન શાળાઓ બને તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી. એન. પ્રજાપતિ સક્રિયપણે કામ કરી રહ્યા છે. જેમાં આંતરોલી, જીવરાજના મુવાડા, ગોલથરા, ભગુજીના મુવાડા વગેરે શાળાઓ ગ્રીન સ્કૂલ પ્રોગ્રામ ઓડિટમાં ગઈ છે. દહેગામ તાલુકાની આંત્રોલી પ્રાથમિક શાળા ગ્રીન સ્કૂલ પ્રોગ્રામમાં આ વર્ષે સહભાગી થઈ હતી. આંત્રોલી પ્રાથમિક શાળાના આચાર્ય વસંતભાઈ પટેલ જણાવે છે કે આંત્રોલી ગામની ૨ એકરમાં ફેલાયેલી શાળા હરિયાળી બને તે માટે સરકારશ્રીની ગ્રાન્ટ અને અંદાજે ૪૫ લાખ રૂપિયાના લોકફાળા દ્વારા ગ્રીન શાળા બનાવવા માટે કામ કરવામાં આવ્યું હતું. આજે શાળામાં ૩૦૦થી વધુ વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે અને ખૂબ સુંદર બગીચો પણ તૈયાર કરવામાં આવ્યો છે. ઉપરાંત ઘન કચરાના નિકાલ માટે વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ પાણીના વપરાશ અને જળ સંચય માટે પણ શાળામાં વ્યવસ્થા કરાઈ છે. શાળામાં નકામાં કચરાનું ખાતર બનાવવા માટે કમ્પોઝ પીઠ બનાવવામાં આવી છે જ્યાં પાંદડા, સૂકી ડાળીઓ અને ભીના કચરાને એકઠો કરીને વર્મીકમ્પોસ્ટ ખાતર બનાવવામાં આવે છે. વસંતભાઈ જણાવે છે કે ભીના કચરાનો ઉપયોગ કરીને બનાવેલા ખાતરનો શાળા પરિસરના વૃક્ષોમાં જ વાપરવામાં આવે છે. શાળામાં વૃક્ષો અને બગીચાના છોડવાઓને ડ્રીપ ઈરિગેશન અને ફુવારા પદ્ધતિથી પાણી પહોંચાડીને પાણીનો સંચય કરવામાં આવે છે. ગ્રીન સ્કૂલ પ્રોગ્રામમાં આંત્રોલી શાળાની ગ્રીન શાળા તરીકે પસંદગી થાય તે માટેના તમામ માપદંડો માટે કામ થયું છે. આગામી દિવસોમાં આંત્રોલી શાળા રાજ્ય અને દેશ માટે મોડલ રૂપ બને તે માટે શાળાના આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ પ્રયત્નશીલ છે.

દહેગામ તાલુકાની જ બીજી એક ગ્રીન એન્ડ સસ્ટેનેબલ શાળા જીવરાજના મુવાડા પ્રાથમિક શાળા પણ પર્યાવરણ માટે ચિંતિત છે. શાળાની હરિયાળી ઉડીને આંખે વળગે એવી છે. શાળા પરીસરમાં ઔષધબાગ, ઘન કચરા વ્યવસ્થાપન અને જળ સંચયની વિશેષ સુવિધાઓ છે.

# ગાંધીનગરના ચારેય તાલુકામાં તા.૨૪મી એપ્રિલના રોજ તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ

**ચારેય તાલુકામાં યોજાનાર તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ૫૬૩ લોક પ્રશ્નનો સમાવેશ**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં તા.૨૪મી એપ્રિલના રોજ ચારેય તાલુકામાં સ્વાગત કાર્યક્રમ યોજાશે. તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ચારેય તાલુકામાં કુલ-૫૬૩ લોક પ્રશ્નનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજય સરકારના ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ 'સ્વાગત' વીસ વર્ષ પૂર્ણ થતાં સમગ્ર રાજયમાં એપ્રિલ માસના અંતિમ સપ્તાહમાં સ્વાગત સપ્તાહ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કલેકટર શ્રી હિતેષ કોયાના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં ગ્રામ સ્વાગત કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો છે. આગામી તા. ૨૪મી એપ્રિલ, ૨૦૨૩ ના રોજ ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ગાંધીનગર તાલુકામાં સ્વાગત કાર્યક્રમ જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાની ઉપસ્થિતિમાં યોજાશે. આ કાર્યક્રમ તા. ૨૪મી એપ્રિલના રોજ સવારના ૧૧.૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ રૂમ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે યોજાશે. આ સ્વાગત કાર્યક્રમમાં તાલુકાના ૧૭૩ લોક પ્રશ્નનો સમાવેશ કરવામાં આવ્યો છે. કલોલ તાલુકામાં સ્વાગત કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમની ઉપસ્થિતિમાં યોજાશે. આ કાર્યક્રમ તા. ૨૪મી એપ્રિલના રોજ સવારના ૧૧.૦૦ કલાકે કલોલ નગરપાલિકા કચેરીના હોલમાં યોજાશે. કલોલ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ૧૨૨ લોક પ્રશ્નનો સમાવેશ કરવામાં આવ્યો છે. દહેગામ તાલુકામાં સ્વાગત કાર્યક્રમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી બી.કે.પટેલની ઉપસ્થિતિમાં તા.૨૪મી એપ્રિલના રોજ સવારના ૧૧.૦૦ દહેગામ મામલતદાર કચેરીના મીટીંગ હોલમાં યોજાશે.

જેમાં ૧૩૬ લોક પ્રશ્નનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# રવિવારે યુવાનો ફરી "સાબરમતી કોલિંગ" અંતર્ગત સ્વચ્છતા અભિયાન ધરશે

ગાંધીનગર, તા.૨૧

છેલ્લાં બે રવિવારથી ગાંધીનગરમાં કેટલાંક જાગૃત યુવાનોના "સદગમય" ગૃપ દ્વારા "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરતાં આ ગૃપના યુવાનોએ ફરી એકવાર તા.૨૩મી એપ્રિલ, રવિવારના રોજ સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમ્યાન શહેરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં તેમના આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જેમાં તેઓ લોકમાતા સાબરમતી નદીને અશુદ્ધ કરતાં પર્યાવરણને નુકસાનકારક પ્લાસ્ટિકના કચરાને વીણી લઈને પ્રકૃતિના જતનનો સંદેશ પાઠવશે. "આપણું એક પગલું પ્રકૃતિ માટે" કહીને આ યુવાનો શહેરના અન્ય નાગરિકોને પણ "સાબરમતી કોલિંગ" સ્વચ્છતા અભિયાનમાં જોડાવા માટે હાકલ કરી રહ્યાં છે. જે કોઈને આ પ્રકૃતિ વિષયક સેવા કાર્યમાં રસ પડે તેને સ્વૈચ્છિક રીતે જોડાઈ જવા તેમણે સોશિયલ મિડીયા થકી હાકલ કરી છે. આ ઉપરાંત યુવાનોએ જોડાવા માંગતા જાગૃત શહેરીજનોને મો.નં. ૭૬૦૦૦૦૨૧૭૪ ઉપર સંપર્ક સાધવા પણ જણાવ્યું છે.

# શહેરી વિસ્તારના યોગ કો-ઓર્ડીનેટર તરીકે ભાવના જોશીની પુનઃ નિયુક્તિ



ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તાજેતરમાં ખાસ ફરજ પરના અધિકારીની અધ્યક્ષતામાં જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાના યોગ કો-ઓર્ડીનેટરની લેખિત તેમજ મૌખિક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું

જેમાં ચાર ઝોનના કો-ઓર્ડીનેટર્સ ઉપસ્થિત રહ્યાં હતા. ગાંધીનગર મહાનગર વિસ્તાના કો-ઓર્ડીનેટર ભાવનાબેન જોશી આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે અને તેમને ગાંધીનગર હાનગરપાલિકા વિસ્તારમાં ઝોન કો-ઓર્ડીનેટર તરીકે પુનઃ નિયુક્તિ કરાઈ છે.

આ પ્રસંગે વાવોલ યોગ ગ્રુપના તમામ સભ્યો દ્વારા ભાવનાબેન જોશીને અભિનંદન પાઠવવા સાથે તેઓ ઉત્તરોઉત્તર પ્રગતિ કરે તેવી વાવોલ યોગ ગ્રુપના સૌ સભ્યો તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી છે.

વાવોલ યોગ ગૃપના યોગ ટ્રેનર સચિન પટેલે જણાવ્યું હતું કે "ગાંધીનગર શહેરમાં યોગનો પ્રસાર પ્રચાર કરી તેમજ જાહેર કાર્યક્રમો થકી નાગરિકોમાં યોગ વિશે જાગૃતિ લાવવામાં અને શહેરના નાગરિકોની તંદુરસ્તી વધારવામાં ભાવનાવેન જોષીનો અમૂલ્ય ફાળો રહ્યો છે. યોગ થકી નાગરિકોનું આરોગ્ય જળવાઈ રહે માટે ભાવનાબેન સતત કાર્યરત રહેતા હોય છે. સૌ નાગરિકો યોગ કરે તેવી ભાવના સાથે તેઓ યોગ પ્રત્યે સંપૂર્ણ રીતે સમર્પિત અને કટિબદ્ધ છે."

# નિફ્ટ ગાંધીનગર ખાતે આઈઆઈએમએ નિષ્ણાંતનો એથિકલ બ્રાન્ડિંગ વર્કશોપ



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ખાતેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજીના ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ ડિઝાઈન દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ - અમદાવાદના માર્કેટિંગના એસોસિએટ પ્રોફેસર અક્ષય વિજયાલક્ષ્મીના "એથિકલ બ્રાન્ડિંગ" પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ ૨૦મી અને ૨૭મી એપ્રિલ ૨૦૨૩ના રોજ તાનારીરી ઓડિટોરિયમ નિફ્ટ ગાંધીનગર ખાતે સવારે ૯:૩૦થી બપોરે ૧ વાગ્યા સુધી યોજાશે. વર્કશોપમાં નૈતિક બ્રાન્ડિંગ શું છે? નૈતિક બ્રાંડિંગની પ્રથાઓ આપણે જે રીતે આપણા બજારોનું આયોજન કરીએ છીએ તેમાં સકારાત્મક પરિવર્તન કેવી રીતે લાવી શકે?, શું આપણે સ્પર્ધાત્મક બજારોમાંથી સહકારી (માનવ જરૂરિયાત) બજારો તરફ આગળ વધી શકીશું? ટકાઉ વિકાસ લક્ષ્યોને સાકાર કરવામાં નૈતિક બ્રાન્ડિંગ શું ભૂમિકા ભજવી શકે છે? નિફ્ટ ગાંધીનગર ખાતે આયોજિત આ સત્રોના ભાગ રૂપે અમે આમાંના કેટલાક પ્રશ્નોની ચર્ચા કરવા અને તેના પર વિચાર કરવામાં આવશે.

# સાગરમાથાના ઉત્તુંગ એવરેસ્ટના ચરણ સ્પર્શ કરતાં શહેરના સાહસિકો



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના વિદ્યા અભ્યાસકાળથી અગ્રતા ધરાવનાર વિદ્યાભાસુ અને ઉદ્યોગ, ડોકર્ટસ, પ્રેકટીસીંગ કંપની સેક્રેટરી, મેડીસીન ડ્રગીસ્ટ. કેમીસ્ટ ક્ષેત્રના વિક્રેતાઓ જેવી વૈવિધ્ય સભર સફળ કારકીર્દીના ઉત્સાહી યુવાનાએ હાઈ અલ્ટીટ્યુડ એવરેસ્ટ બેઝ કેમ્પ ૫૩૬૫ મીટરની એટલે કે ૧૭૦૬૦ ફુટ ઉંચાઈ સુધી હિમઆચ્છાદિત પર્વતોમાં ટ્રેકીંગની સિધ્ધી મેળવી તેમના જીવન સોપાનમાં સાહસ ક્ષેત્રમાં નવી યશકલગી ઉમેરી છે.

માઉન્ટેનસોલ કંપનીના મેનેજિંગ ડિરેકટર રૈવત વેદ અને રાજુભાઈની લીડરશીપમાં રાજીવ શાહ (ઉ.વ.૬૦) ઉદ્યોગ સાહસિક, હિમાંશુ ધર્મદર્શી (ઉ.વ.૫૬) ભારતીય એકાઉન્ટ એન્ડ ઓડીટ સેવા અધિકારી, ડૉ વિનાયક ઓઝા (ઉ.વ ૫૬) ઓથોપેડીક સર્જન ઉર્મિલ વેદ (પ્રેકટીસીંગ કંપની સેક્રેટરી), નિરજ ગાંધી (ઉ.૫૬), તપન શાહ (ઉ.૫૬) સ્નેહલ શેલત (ઉ.૫૬) વગેરએ તા.૧૭/૦૪/૨૦૨૩ના સોમવારે વિશ્વના સૌથી વધુ ઉંચાઈના શિખરોની શૃંખલા સાગરમાથા (હિમાલય)ના અને તે પૈકીના વિશ્વના સૌથી ઉંચા શિખર એવરેસ્ટ (૮૮૪૮મીટર/ ૨૮૮૪૮ફુટ)ના આરોહરણ માટેના પ્રથમ ચરણના પગથિયાં તરીકેના એવરેસ્ટ' બેઝ કેમ્પ (૫૩૬૫મીટર/૧૭૦૬૦ફુટ)ના અતિતીવ્ર ઠંડા-હિમઆચ્છાદીત ટ્રેકનું સફળતાપૂર્વક ટ્રેકીંગ પૂર્ણ કર્યુ છે જે સૌને શારીરીક માનસિક સ્વાસ્થ સાબૂત રાખવા પ્રેરણા ઉત્સાહ આપનારું છે. ગાંધીનગર આ સાહસિકોને જીવનમાં એવરેસ્ટ જેવી અનન્ય, અવિચલ, ઉત્તુંગ સફળતા સર કરવા બદલ શુભકામનાઓ પ્રાપ્ત થઈ રહી છે.

# સ્વામિનારાયણ યુનિવર્સિટી ખાતે પ્લેસમેન્ટ ફેર યોજાયો



ગાંધીનગર,તા.૨૧

શ્રી સ્વામિનારાયણ વિશ્વ મંગલ ગુરુકુળ ,કલોલ સંચાલિત સ્વામિનારાયણ યુનિવ ર્સિટી ,ફેકલ્ટી ઓફ એન્જિનિ યરિંગ એન્ડ ટેકનોલોજી ખાતે પ્લેસમેન્ટ ફેર નું આયોજન કરવામાં આવ્યું હતું સ્વામિનારાયણ યુનિવર્સિટીના સંસ્થાપક શાસ્ત્રી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી , સ્વામી શ્રી ભક્તવત્સલદાસજી અને સ્વામી શ્રી ભક્તિ નંદનદાસજી ના આશીર્વાદ સાથે કાર્યક્રમની શરૂ આત કરવામાં આવી હતી. આ પ્લેસમેન્ટ ફેર માં કુલ ૭૦ થી વધુ ઓટોમોબાઈલ અને મિકેનિકલ ઈજનેરીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો .આ પ્લેસમેન્ટ ફેરમાં પાંચથી વધુ ગુજરાતની નામાંકિત કંપનીઓ દ્વારા ફાઈનલ યર ના વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુસ અને પસંદગી પ્રક્રિયા કરી હતી .જેમાં ૩૦ થી વધુ વિદ્યાર્થીઓને જોબ ઓફર કરવામાં આવી હતી. આ પ્લેસમેન્ટ ફેર માં ફોર્ચ્યુન પ્લાસ્ટ પ્રાઈવેટ લિમિટેડ , ફોબસ માર્શલ લિમિટેડ ,વર્ધમાન હાઉસ વેર પ્રાઈવેટ લિમિટેડ જેવી નામાંકિત કંપનીઓ આ પ્લેસમેન્ટ ફેરમાં જોડાઈ હતી .સ્વામિનારાયણ યુનિવર્સિટી ,કલોલ ગાંધીનગર ની આસપાસ ૫૦૦૦ થી પણ વધુ વિવિધ ઈજનેરી શાખા સંલગ્ન ક્ષેત્રની કંપનીઓ આવેલી છે. સંસ્થા દ્વારા આ પ્રકારના પ્લેસમેન્ટ ફેર નું આયોજન ઈજનેરી ની દરેક શાખા માટે દર વર્ષે કરવામાં આવે છે જેથી ઉદ્યોગોની માંગ સંતોષાય અને યુનિવર્સિટીના વિદ્યાર્થીને રોજગારી પ્રાપ્ત થાય. પ્લેસમેન્ટ ફેરમાં વધુમાં સ્વામિનારાયણ યુનિવર્સિટી ઈજનેરી વિભાગના ડીન , ડો.વિજયકુમાર ગઢવી અને ડો.ગીતાંજલિ અમરાવત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે એન્જિનિયરિંગ અને ટેકનોલોજી ક્ષેત્રે અમારા વિદ્યાર્થીઓને સો ટકા પ્લેસમેન્ટ નું સ્વપ્ન સંસ્થા દ્વારા પૂરું કરવા વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓ સાથે MOU પણ કરવામાંઆવેલ છે. આ સાથે સારા પેકેજ સાથે ઓફર લેટર મેળવનારા ૫૦થી વધુ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# "સચિવાલય આહીર પરિવાર"નું ગેટ-ટુ-ગેધર યોજાયું



ગાંધીનગર, તા. ૨૧

સચિવાલય સંવર્ગમાં આહીર સમાજના નવા આવેલા ૬ ઓફીસ આસીસ્ટન્ટને આવકારવા માટે વિધાનસભા કેન્ટીનમાં શુક્રવારે આહીર સમાજના કર્મચારી અને અધિકારીઓનું ગેટ-ટુ-ગેધર યોજાઈ ગયું જેમાં નવા સચિવાલય પરિસર, વિધાનસભા તથા સ્વર્ણિમ સંકુલમાં ફરજ બજાવતાં કર્મચારી-અધિકારીઓએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી જેમાં એક ઉપસચિવ, એક સેકશન અધિકારી ઉપરાંત નાયબ સેકશન અધિકારી તરીકે બઢતી મળેલા ૭ અધિકારીઓનું ગુલદસ્તાથી સ્વાગત કરીને આવકારવામાં આવ્યા હતાં. આહીર સમાજના નવા તથા જુના દરેક સભ્યોએ પોતાનો પરીચય આપ્યો હતો.

સૌરાષ્ટ્રના ખમીરવંતા આહીર સમાજનો ભવ્ય વારસો અને ભાતિગળ સંસ્કૃતિ જળવાઈ રહે તેવા હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સમાચાર ટચુકડી જાહેર ખબર દર રવિવારે